DATE: 8/08/2026

SANDESH, PAGE-8, SURAT

સિટી

SURAT

SATURDAY, 8•08•2026

》 ટ્રાફિક, જાહેર પરિવહન, રિક્શા ભાડાં અને પેસેન્જર ફ્લોને આધારે થશે આયોજન

# મેટ્રોની લાસ્ટ માઈલ કનેક્ટિવિટી માટે તૈયાર થશે મલ્ટીમોડલ ઈન્ટિગ્રેટેડ પ્લાન

**૫૦૦ મિટરના અંતરમાં આવતા ૧૨૦ બસ સ્ટેશનને આવરી લઇ સરવે હાથ ધરવામાં આવશે**

।સુરત।

સુરત શહેરમાં અંદાજે ૧૨,૦૦૦ કરોડના ખર્ચે નિર્માણાધીન મેટ્રો પ્રોજેક્ટ શરૂ થયા બાદ સ્ટેશનો પર એકસાથે મોટી સંખ્યામાં મુસાફરોની અવરજવર થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાએ લાસ્ટ માઈલ કનેક્ટિવિટી માટે માસ્ટર પ્લાન તૈયાર કરવાની કવાયત શરૂ કરી છે. મેટ્રો સ્ટેશન સુધી પહોંચવાની તેમજ સ્ટેશન પરથી ઉતર્યા બાદ ઘર કે ગંતવ્યસ્થળ સુધી સરળતાથી પહોંચી શકાય તે માટે પ્રથમ તબક્કામાં ડ્રીમ સિટીથી અલ્થાણ રૂટ પર આવેલા સાત મેટ્રો સ્ટેશનનો વિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો છે.




મેટ્રો સ્ટેશનથી પરિવહન માટે સૂચારું વ્યવસ્થા ઊભી કરવા ટ્રાફિક પોલીસ, રિક્શા યુનિયન અને અન્ય વાહન સંચાલકો સાથે સંકલન કરીને દરેક સ્ટેશન માટે અલગ ટ્રાન્સપોર્ટ પ્લાન તૈયાર કરવામાં આવશે. સુરત મેટ્રો બે કોરિડોર પર કુલ ૩૮ સ્ટેશન વચ્ચે દોડશે. દરરોજ કેટલા મુસાફરો વિવિધ સ્ટેશનો પરથી ચડશે-ઉતરશે, તેઓ કયા પરિવહન માધ્યમનો ઉપયોગ કરશે અને સ્ટેશનની બહાર નીકળ્યા બાદ આગળની મુસાફરી માટે કઈ સુવિધાની જરૂર પડશે તે અંગે પણ વિગતવાર અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. સર્વેના આધારે મેટ્રો સ્ટેશન આસપાસ સિટી બસ, બીઆરટીએસ, ઓટો-રિક્શા, પાર્કિંગ, પગપાળા માર્ગ તેમજ પિક-અપ અને ડ્રોપ-ઓફ ઝોનનું આયોજન કરવામાં આવશે.

## રિક્ષાનું ભાડું ફિક્સ થશે, સ્ટેશન પ્રમાણે સુવિધા ઉપલબ્ધ થશે

સાથે જ મુસાફરો પાસેથી મનફાવે તેમ ભાડું વસૂલવામાં ન આવે તે માટે રિક્શા યુનિયન અને અન્ય પરિવહન સંચાલકો સાથે ચર્ચા કરીને રૂટવાર ભાડાં પણ નક્કી કરવામાં આવશે. સ્ટેશનો પાસે વાહનો ઊભા રાખવા માટે નિર્ધારિત સ્થળો પણ વિકસાવવામાં આવશે. મેટ્રો રૂટ શહેરના અનેક ગીચ વિસ્તારોમાંથી પસાર થતો હોવાથી પીક અવર્સ દરમિયાન ટ્રાફિક પર ભાર વધવાની શક્યતા છે. આથી ટ્રાફિક વ્યવસ્થા ખોરવાય નહીં તે માટે પણ વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે. કયા સ્ટેશન પર સૌથી વધુ મુસાફરોની અવરજવર રહેશે અને કયા સ્ટેશન પર ઓછી રહેશે તે આધારે અલગ-અલગ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## દિલ્હી, કોચી, બેંગ્લોર જેવી ભૂલ નહીં થાય, આગોતરું જ આયોજન

દેશના અનેક શહેરોમાં મેટ્રો સેવા શરૂ થયા બાદ સ્ટેશનથી અંતિમ ગંતવ્ય સુધી અસરકારક જાહેર પરિવહન ઉપલબ્ધ ન હોવાથી અપેક્ષિત સંખ્યામાં મુસાફરો મેટ્રો તરફ આકર્ષાયા નહોતા. ખાસ કરીને દિલ્હી, કોચી, બેંગ્લોરમાં આ પ્રશ્નો ઊભા થયા હતા. એટલે આ શહેરોમાં થયેલી ભૂલમાંથી બોધપાઠ લઇને સુરતમાં યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા તૈયારી શરૂ થઇ છે. ખાસ કરીને મેટ્રો સ્ટેશનના ૫૦૦ મિટર વિસ્તારમાં ૧૨૦ જેટલા બીઆરટીએસ, સિટી બસ સ્ટેશન આવી રહ્યાં છે. ૧૯ બીઆરટીએસ અને ૧૦૧ સિટી બસ સ્ટેશનને આવરી લઇને સર્વે હાથ ધરાશે.

## પેસેન્જર ફ્લોના આધારે સ્ટેશનોની ત્રણ કેટેગરી

મલ્ટી મોડલ ઇન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (MMITS) અંતર્ગત સંભાવિત મુસાફરોની સંખ્યાના આધારે મેટ્રો સ્ટેશનોને ત્રણ કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. પ્રથમ કેટેગરીમાં સૌથી વધુ મુસાફરોની અવરજવર ધરાવતા સ્ટેશનો, બીજી કેટેગરીમાં મધ્યમ સંખ્યામાં મુસાફરો ધરાવતા સ્ટેશનો અને ત્રીજી કેટેગરીમાં એવા સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યાં મુસાફરો 'પાર્ક એન્ડ રાઇડ' સુવિધાનો ઉપયોગ કરી પોતાનું વાહન પાર્ક કરીને મેટ્રોમાં મુસાફરી કરી શકશે. આ વર્ગીકરણના આધારે દરેક સ્ટેશન માટે અલગ પ્રકારની પરિવહન અને ટ્રાફિક વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવશે.